અપીલ અરજી નં.૮૨ તા.૩–૭–૦૮

અરજદારઃ શ્રી સૈયદ સાબીર અલી
સામાવાળાઃ ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (કવિ નર્મદ મ.લાયબ્રેરી)

***હુકમઃ–***

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈયદ સાબીર અલીની તા.૩૧–૫–૦૮ ની અરજીથી સે.ઝોન વિસ્તારમાં આવેલ કુલ ૧૫ વાંચનાલયો કયા પરીપત્રો,દરખાસ્તો,ઠરાવો, નોંધો, હુકમો,પરવાનગી પત્ર વિગેરે ધ્વારા કયા કયા વિસ્તારોમાં કઈ કઈ તારીખે શરૂ કરાયેલ છે હાલમાં ચાલે છે ઉપરોકત માહિતીની પ્રમાણિત નકલો આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૩–૭–'૦૮ ની અપીલ અરજી નં.૮૨/–૦૮–૦૯

શ્રી સૈયદ સાબીર અલીની તા.૩૧–૫–૦૮ ની અરજીથી સે.ઝોન વિસ્તારમાં આવેલ કુલ ૧૫ વાંચનાલયો કયા પરીપત્રો,દરખાસ્તો,ઠરાવો,નોંધો,હુકમો,પરવાનગી પત્ર વિગેરે ધ્વારા કયા કયા વિસ્તારોમાં કઈ કઈ તારીખે શરૂ કરાયેલ છે હાલમાં ચાલે છે ઉપરોકત માહિતીની પ્રમાણિત નકલો આપવા બાબતે કરેલ અરજીનો આપેલ માહિતી અધૂરી, અસ્પષ્ટ અને ગેરમાર્ગે દોરનાર છે તેવા કારણસર એપેલેટ ઓફિસરને તા.૩–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો, આપેલ માહિતીમાં વિસંગતતા બાબતે સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૯૬ તા.૧૧–૭–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તથા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (કવિ નર્મદ મધ્યસ્થ લાયબ્રેરી) ને પત્ર પાઠવી માહિતી મંગાવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર (સ્પે) કક્ષાએથી આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી કે માહિતીના ઈન્કાર માટેનું કારણ જણાવેલ નથી. જયારે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ધ્વારા તેઓના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૩૧ તા.૧૮–૭–૦૮ થી અરજદારની મુળ અરજી કવિ નર્મદ પુસ્તકાલય ખાતે તબદીલ કર્યાનું જણાવેલ છે.

અરજદારે મુળ અરજી માં માંગેલી માહિતી કરતાં વાંચનાલય, રીડીંગ રૂમોની માહિતી તથા તા.૧૧–૪–૦૫ થી આપેલી માહિતી અધૂરી અને અસ્પષ્ટ વિગેરે પૂરક માહિતીના મુદ્દાઓ પણ અપીલમાં કરેલ છે. જયારે અન્ય મુદ્દામાં મુળ અરજીની નહીં પૂરી પાડવામાં આવેલ માહિતી બાબતે છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારે તા.૩૧–૫–૦૮ ના રોજ કરેલ અરજીમાં માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ કાયદા અને નિયમોની જોગવાઈ અનુસાર આવશ્યક હોય ત્યાં કલમ–૧૧ સહિતની પ્રક્રિયા અનુસરી કલમ–૭ (૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૧૦માં અરજદારને પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તથા ડે.કમિશ્નર (સ્પે) (કવિ નર્મદ મધ્યસ્થ લાયબ્રેરી) ને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન..... જાણ માટે.
(૨)ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી કવિ નર્મદ મધ્યસ્થ લાયબ્રેરી.... જાણ તથા અમલ માટે.
(૩) શ્રી સૈયદ સાબીર અલી,